KAPADWANJ KELAVANI MANDAL
SINCE 1940 KKM
शिक्षा • संस्कार • सेवा • सहयोग
Affordable education for All since 1940

प्रतिभा

કપડવંજ કેળવણી મંડળની પ્રતિભાને ઉજાગર કરતુ મુખપત્ર
(ફક્ત અંગત વિતરણ હેતુ)
વર્ષ: ૭ અંક: ૮૭ જાન્યુઆરી ૨૦૨૬

સંપાદક: ઋચા આચાર્ય, સહ સંપાદક: મનીષા પટેલ, ડીઝાઇનર: ફાલ્ગુની સુથાર, માર્ગદર્શક: અનંતભાઈ શાહ,
પ્રકાશક: કપડવંજ કેળવણી મંડળ

એસ.સી.દાણી સ્કુલ્સ

શાળામાં ભવ્ય આનંદ મેળાનું આયોજન

શિક્ષણ જ્યારે અનુભવ બને ત્યારે જીવન જીવવાનું કૌશલ્ય જાગે.





તા. 27/12/2025ના રોજ શ્રી એસ.સી. દાણી શાળામાં વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસને ધ્યાનમાં રાખી ભવ્ય આનંદ મેળાનું આયોજન કરવામાં આવ્યું. ધોરણ 6 થી 12ના આશરે 220 વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો અને વાલીઓના સહયોગથી 53 જેટલા વિવિધ સ્ટોલ ઉભા કરાયા. સ્વાદિષ્ટ વાનગીઓ સાથે આર્ટ એન્ડ ક્રાફ્ટ તથા મહેંદી સ્ટોલ વિશેષ આકર્ષણનું કેન્દ્ર રહ્યા. દરેક સ્ટોલ પર વિદ્યાર્થીઓની ટીમે ખરીદ-વેચાણ અને નાણાં વ્યવહાર કુશળતાપૂર્વક સંભાળ્યો. વાલીઓ, શિક્ષકો અને પ્રિન્સિપાલશ્રીના માર્ગદર્શનથી મેળો સફળ રહ્યો અને વિદ્યાર્થીઓને માર્કેટિંગ, આયોજન તથા જીવનકૌશલ્યનો અનોખો, યાદગાર અનુભવ મળ્યો.





KAPADWANJ KELAVANI MANDAL
SINCE 1940 KKM
શિક્ષા • સંસ્કાર • સેવા • સહયોગ
વર્ષ: ૭ અંક: ૮૭ જાન્યુઆરી ૨૦૨૬

પ્રતિભા

કપડવંજ કેળવણી મંડળની પ્રતિભાને ઉજાગર કરતુ મુખપત્ર
(ફક્ત અંગત વિતરણ હેતુ)

નિષ્ણાત વાલી માર્ગદર્શન - અનુભૂતિ આધારિત અભ્યાસથી જ્ઞાન સમૃદ્ધ

અભ્યાસક્રમમાં આવતા વિવિધ વિષયોને વધુ જીવંત બનાવવા નિષ્ણાત વાલીઓ દ્વારા વિશેષ માર્ગદર્શન આપવા શાળામાં આમંત્રિત કરવામાં આવ્યા.



જેમાં કે.કે.એમ ના એચ.આર.મેનેજર નિકિતાબેન મથાડુએ ધોરણ - ૪ માં આવતાં પાઠ ખોરાક અને મજામાં આવતા ગુરુદ્વારા, લંગર પરંપરા વિષે સમજાવ્યું સાથે કઢાહ પ્રસાદ દ્વારા ખોરાક સાથે જોડાયેલા સામાજિક મૂલ્યોનું મહત્વ પણ સમજાવ્યું.

શિક્ષક તથા હાલ BLO તરીકે ફરજ બજાવનાર ડૉ. ભગવત પ્રસાદ મેઘાએ ધોરણ–8નો પાઠ સમજાવતા વસ્તી ગણતરી અને માનવ સંસાધન વિષયે સરળ સમજ આપી. આ અનુભૂતિ આધારિત સેશનથી વિદ્યાર્થીઓમાં વિષયની સમજ સાથે સામાજિક જાગૃતિ અને સંસ્કારમૂલ્યો વધુ અસરકારક થશે.



ધોરણ 8ના “ન્યાયતંત્ર” પાઠ અંતર્ગત એફ.આઇ.આર (FIR) પ્રક્રિયા સમજાવવા કઠલાલ પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ શ્રી વિજયસિંહ સોલંકી તથા એ.એસ.આઈ. શ્રી ઇન્દ્રદાન ગઢવીને આમંત્રિત કરવામાં આવ્યા. તેમણે FIR નોંધવાની પ્રક્રિયા, POCSO Act, IPC, Juvenile Justice Board અને Remand Home વિશે સરળ સમજ આપી તેમજ સાયબર ક્રાઇમ અને હેલ્પલાઇન 1930 અંગે વિસ્તૃત સમજ આપી. પ્રશ્નોત્તરી દ્વારા વિદ્યાર્થીઓની શંકાઓ નિવારી, કાયદાકીય સમજ અને જવાબદાર નાગરિક બનવાની પ્રેરણા આપી.

ધોરણ 6ના પાઠ અંતર્ગત નાયબ મામલતદાર રૂબીનાબેન દ્વારા માર્ગદર્શનરૂપી વાર્તાલાપ યોજાયો. તેમણે ત્રિસ્તરીય શાસન માળખું, મામલતદાર કચેરીની કામગીરી તેમજ 7/12 ઉતારો, રાશનકાર્ડ, ઈ-ધારા જેવી સેવાઓ વિશે સરળ સમજ આપી. પ્રશ્નોત્તરી સાથે વિદ્યાર્થીઓને નાગરિક જાગૃતિ અને સ્પર્ધાત્મક પરીક્ષાઓ તરફ પ્રેરણા મળી.

આ તમામ વાલી તજજ્ઞોનો શાળાની અભ્યાસિક પ્રવૃતિમાં સહભાગી થવા બદલ શાળાએ આભાર વ્યક્ત કર્યો.





KAPADWANJ KELAVANI MANDAL
SINCE 1940 KKM
શિક્ષા • સંસ્કાર • સેવા • સહયોગ

પ્રતિભા

કપડવંજ કેળવણી મંડળની પ્રતિભાને ઉજાગર કરતુ મુખપત્ર
(ફક્ત અંગત વિતરણ હેતુ)

વર્ષ: ૭ અંક: ૮૭ જાન્યુઆરી ૨૦૨૬

વેલ્યુ બેઝ ડિસિપ્લિન વીક – સંસ્કાર અને શિસ્તનો સુંદર સંકલ્પ



શ્રી એસ.સી. દાણી શાળામાં 19 થી 24 જાન્યુઆરી 2026 દરમિયાન વિદ્યાર્થીઓમાં શિસ્ત, સારા વર્તન અને મૂલ્યઆધારિત જીવનશૈલી વિકસે તે હેતુથી વેલ્યુ બેઝ ડિસિપ્લિન વીક ઉજવાયો. ધોરણ 1 થી 8 ના વિદ્યાર્થીઓને જૂથોમાં વહેંચી વ્યક્તિગત શિસ્ત, વર્ગખંડ વર્તન, નિયમ પાલન, સ્વચ્છતા અને પર્યાવરણની જાળવણી જેવા મુદ્દાઓ પર નિરીક્ષણ કરવામાં આવ્યું. શ્રેષ્ઠ પ્રદર્શન બદલ ધોરણ 1-બ (વર્ગ શિક્ષક દિશાબેન), ધોરણ 3 (વર્ગ શિક્ષક નેહાબેન) અને ધોરણ 8-બ (વર્ગ શિક્ષક નીલોફરબેન)ના વર્ગોને પેન અને પ્રમાણપત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા. આ પહેલથી વિદ્યાર્થીઓમાં માત્ર શિસ્ત નહીં પરંતુ સંસ્કાર, જવાબદારી અને સકારાત્મક વર્તન પ્રત્યેની સમજ વધુ ગાઢ બની, જે તેમના ઉજ્જવળ ભવિષ્યનો મજબૂત પાયા બનશે.

સ્વાતંત્ર્ય સેનાની નેતાજી સુભાષચંદ્ર બોઝ જન્મજયંતીની ઉજવણી



શ્રી એસ.સી. દાણી શાળામાં નેતાજી સુભાષચંદ્ર બોઝની જન્મજયંતી પ્રસંગે ભાવસભર કાર્યક્રમ યોજાયો. ધોરણ 8-બના રબારી રીસીથે નેતાજીનો રોલ પ્લે કરી સાહસ અને દેશપ્રેમને જીવંત બનાવ્યા, જ્યારે ધોરણ 8-સીના વિદ્યાર્થીઓએ તેમના જીવનકર્મ પર રજૂઆત કરી અને ધોરણ 4-સીની કશ્વી પટેલએ “લક્ષ્મીબાઈ બ્રિગેડ” કે જે 1943માં સુભાષચંદ્ર બોસના નેતૃત્વ હેઠળ સ્થાપિત સંપૂર્ણ મહિલાઓની સૈનિક ટુકડી “રાણી ઓફ ઝાંસી રેજિમેન્ટ” તરીકે ઓળખાઈ, જેને લક્ષ્મીબાઈ બ્રિગેડ નામે પણ ઓળખવામાં આવે છે તે અંગે માહિતી આપી. આ કાર્યક્રમથી વિદ્યાર્થીઓમાં રાષ્ટ્રપ્રેમ અને આદર્શોને અનુસરવાની પ્રેરણા મળી.



આકાશે રંગોની પાંખો ફેલાવી...

તા. 10/01/2026ના રોજ શ્રી એસ.સી. દાણી શાળામાં ધોરણ 5 થી 8 ના વિદ્યાર્થીઓ માટે પતંગ બનાવવાની સ્પર્ધા યોજાઈ, જેમાં 105 વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ રંગબેરંગી અને સર્જનાત્મક પતંગો તૈયાર કર્યા.





KAPADWANJ KELAVANI MANDAL
SINCE 1940 KKM
શિક્ષા • સંસ્કાર • સેવા • સહયોગ

પ્રતિભા

કપડવંજ કેળવણી મંડળની પ્રતિભાને ઉજાગર કરતુ મુખપત્ર
(ફક્ત અંગત વિતરણ હેતુ)

વર્ષ: ૭ અંક: ૮૭ જાન્યુઆરી ૨૦૨૬

દીકરી – ભાર નહીં, ભવિષ્ય – સમાનતાનો સંદેશ આપતું નાટક

બાળકોએ પ્રાર્થના સભામાં ભાવસભર અભિનયથી આ સંદેશને જીવંત બનાવ્યો, જેમાં ધોરણ 7ના “જાતિગત ભિન્નતા” પાઠ અંતર્ગત વિદ્યાર્થીઓએ દીકરી પ્રત્યેના પૂર્વગ્રહો અને સ્ત્રી-પુરુષ અસમાનતા પર અસરકારક નાટક રજૂ કર્યું. સમાનતા, માનવ અધિકાર અને “બેટી બચાવો – બેટી પઢાવો” નો સંદેશ આપતી આ પ્રવૃત્તિથી પાઠ્યવિષય વધુ જીવંત અને અર્થસભર બન્યો.



પત્રના પ્રવાસથી પોસ્ટ ઓફિસ સુધી શીખવાની સફર



શ્રી એસ.સી. દાણી શાળાના ધોરણ 3ના વિદ્યાર્થીઓએ “પત્રનો પ્રવાસ” પાઠ અંતર્ગત પોસ્ટ ઓફિસની શૈક્ષણિક મુલાકાત કરી, જ્યાં પોસ્ટકાર્ડ, સ્પીડ પોસ્ટ, કુરિયર સેવા તેમજ બચત યોજનાઓ વિશે સરળ સમજ આપવામાં આવી. પ્રત્યક્ષ અનુભવથી બાળકોમાં નવી જાણકારી સાથે ઉત્સાહ અને શીખવાનો આનંદ જોવા મળ્યો.

સર્જનાત્મકતા અને કલ્પનાશક્તિ - માટલી શણગાર સ્પર્ધામાં

સર્જનાત્મકતા અને કલ્પનાશક્તિ ખીલવતી અનોખી માટલી શણગાર સ્પર્ધામાં ૩૨ વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લઈ પોતાની કલાત્મક અભિવ્યક્તિ ઝળકાવી. જેમાં શાળા તરફથી ત્રણ વિજેતા જાહેર કરાયા.

ક્રમાંક	વિજેતાનું નામ
પ્રથમ	પટેલ આયુષી
દ્વિતીય	અસારી દિશા
તૃતીય	સોલંકી કાવ્યા, મકવાણા પ્રગતિ



KAPADWANJ KELAVANI MANDAL
SINCE 1940 KKM
शिक्षा • संस्कार • सेवा • सहयोग
वर्ष: ७ अंक: ८७ जान्युआरी २०२६

પ્રતિભા

કપડવંજ કેળવણી મંડળની પ્રતિભાને ઉજાગર કરતુ મુખપત્ર
(ફક્ત અંગત વિતરણ હેતુ)

“સ્ટેબેક” – વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસનો અનોખો પ્રયાસ









શ્રી એસ.સી. દાણી શાળા, કપડવંજ ખાતે તા. 6 ડિસેમ્બર 2025ના રોજ ધોરણ 7 અને 8ના વિદ્યાર્થીઓ માટે પ્રથમ વખત “સ્ટેબેક” કાર્યક્રમ યોજાયો, જેમાં શાળામાં જ રાત્રી રોકાણનો અનોખો અનુભવ આપવામાં આવ્યો. વિદ્યાર્થીઓએ આઉટડોર રમતો, ગરબા, ડાન્સ અને સમૂહ ભોજન સાથે આનંદભર્યો સમય વિતાવ્યો, જેમાં સમી સાંજની પ્રવુતિમાં વાલીઓની હાજરીએ કાર્યક્રમને વિશેષ ઉર્જા આપી. શિક્ષકો મિત્રરૂપે જોડાતા સમગ્ર વાતાવરણ વધુ જીવંત બન્યું. આ પ્રવૃત્તિ દ્વારા વિદ્યાર્થીઓમાં સ્વાવલંબન, સહકાર, આત્મવિશ્વાસ, શિસ્ત, સમયપાલન અને ડિજિટલ ઉપવાસ જેવી જીવનોપયોગી ગુણવત્તાઓ વિકસાવવાની પ્રેરણા મળી, જે તેમને માટે એક યાદગાર અનુભવ બની રહ્યો.

KAPADWANJ KELAVANI MANDAL
SINCE 1940 KKM
शिक्षा • संस्कार • सेवा • सहयोग

प्रतिभा

કપડવંજ કેળવણી મંડળની પ્રતિભાને ઉજાગર કરતુ મુખપત્ર
(ફક્ત અંગત વિતરણ હેતુ)

વર્ષ: ૭ અંક: ૮૭ જાન્યુઆરી ૨૦૨૬

એમ.વી.પરીખ ઇંગ્લીશ મીડીયમ સ્કુલ

ગ્રાન્ડ પેરેન્ટ્સ ડે – સંસ્કાર અને સ્નેહની ઉજવણી

દાદા-દાદી અને નાના-નાનીના આશીર્વાદથી જીવન સુગંધિત બને છે – એ ભાવ સાથે તા. 21 જાન્યુઆરી 2026ના રોજ શ્રી એમ.વી. પરીખ ઇંગ્લિશ મીડીયમ સ્કૂલમાં ગ્રાન્ડ પેરેન્ટ્સ ડે ઉજવાયો. મુખ્ય મહેમાન દિવ્યેશભાઈ વ્યાસ, ઉષાબેન બારોટ, મયંકભાઈ પંડ્યા અને પ્રિન્સિપાલ માનસીબેનની ઉપસ્થિતિમાં આશરે 500 જેટલા દાદા-દાદી કાર્યક્રમમાં જોડાયા. બાળકોના વેલકમ ડાન્સ અને ભાવસભર રજૂઆતોએ સૌના હૃદય સ્પર્શ્યા, જ્યારે ગ્રાન્ડ પેરેન્ટ્સ માટે યોજાયેલી રમતો અને અલ્પાહારે સમગ્ર વાતાવરણને આનંદથી છલકાવી દીધું.





ગ્રાન્ડ બર્થડે સેલિબ્રેશન – ખુશીઓથી ભર્યો યાદગાર દિવસ



શ્રી એમ.વી. પરીખ ઇંગ્લિશ મીડીયમ સ્કૂલમાં તા. 22 જાન્યુઆરી 2026ના રોજ ગ્રાન્ડ બર્થડે સેલિબ્રેશન આનંદભેર ઉજવાયું. વર્ષ દરમિયાન આવેલા તમામ બાળકોના જન્મદિવસને એકસાથે ઉજવી બાળકો-પેરેન્ટ્સ-શિક્ષકો વચ્ચે આત્મીય જોડાણ મજબૂત કરવાનો હેતુ રહ્યો. મુખ્ય મહેમાન નીરવભાઈ પટેલ, સૌરવકુમાર કશ્યપ, ભાવિકકુમાર ભટ્ટ તથા પ્રિન્સિપાલ માનસીબેનની ઉપસ્થિતિમાં બાળકો અને પેરેન્ટ્સે ડાન્સ રજૂઆતથી કાર્યક્રમને સફળ બનાવ્યો.



KAPADWANJ KELAVANI MANDAL
SINCE 1940 KKM
शिक्षा • संस्कार • सेवा • सहयोग
वर्ष: ७ अंक: ८७ जान्युआरी २०२६

प्रतिभा

કપડવંજ કેળવણી મંડળની પ્રતિભાને ઉજાગર કરતુ મુખપત્ર
(ફક્ત અંગત વિતરણ હેતુ)

શિયાળાની અનુભૂતિ માટે ગેલેરી વોકનું આયોજન



શ્રી એમ.વી. પરીખ ઇંગ્લિશ મીડીયમ સ્કૂલમાં નર્સરીના બાળકો માટે વિન્ટર થીમ ગેલેરી વોક યોજાયો, જેમાં શિયાળાના ખોરાક, ગરમ કપડા અને ઋતુની સમજ સરળ રીતે આપવામાં આવી. શિક્ષકોએ પ્રેક્ટિકલ રીતે તાપણું કરી બાળકો માટે શીખવાનું વધુ રસપ્રદ બનાવ્યું.





સ્પોર્ટ્સ ડે – રમતનો આનંદ

શ્રી એમ.વી. પરીખ ઇંગ્લીશ મીડીયમ સ્કૂલમાં તા. 29 અને 30 જાન્યુઆરી 2026ના રોજ બાળકો અને પેરેન્ટ્સ સાથે ઉત્સાહભેર સ્પોર્ટ્સ ડે ઉજવવામાં આવ્યો. મુખ્ય મહેમાન સુરેશભાઈ રાજગોર અને પૂજાબેન આચાર્યની ઉપસ્થિતિમાં બાળકો અને પેરેન્ટ્સ માટે વિવિધ રમતો યોજાઈ. કાર્યક્રમનો હેતુ બાળકોમાં રમતગમત પ્રત્યે રસ વધારવવા, શાળામાં પેરેન્ટ્સની સહભાગીતા વધારવી અને “દરેક બાળક અનોખું છે” એ સંદેશ આપવાનો હતો. અંતે તમામ બાળકોને સર્ટિફિકેટ આપી સન્માનિત કરવામાં આવ્યા.







KAPADWANJ KELAVANI MANDAL
SINCE 1940 KKM
शिक्षा • संस्कार • सेवा • सहयोग
वर्ष: ७ अंक: ८७ જાન્યુઆરી ૨૦૨૬

પ્રતિભા

કપડવંજ કેળવણી મંડળની પ્રતિભાને ઉજાગર કરતુ મુખપત્ર
(ફક્ત અંગત વિતરણ હેતુ)

સ્પંદન બાલમંદિર

26 જાન્યુઆરીની ઉજવણી

શ્રી સ્પંદન બાલમંદિરમાં 26 જાન્યુઆરીની ઉજવણી વિદેશભાઈ અસારી અને દિનેશભાઈ ભરવાડની ઉપસ્થિતિમાં ઉત્સાહભેર થઈ, જેમાં બાળકો રાણી લક્ષ્મીબાઈ, સુભાષચંદ્ર બોઝ, ગાંધીજી અને સરદાર પટેલ જેવા પાત્રોમાં સજ્જ થઈ દેશપ્રેમ વ્યક્ત કર્યો.





ચાઇલ્ડ ન્યુટ્રીશન, વ્હાલી દિકરી યોજના, મહિલા સ્વાવલંબન યોજના અને પા પા પગલી પ્રોજેક્ટ અંગે માહિતી

શ્રી સ્પંદન બાલમંદિરમાં તા. 20-1-2026ના રોજ ચાઇલ્ડ ન્યુટ્રીશન, વ્હાલી દિકરી યોજના, મહિલા સ્વાવલંબન યોજના અને પા પા પગલી પ્રોજેક્ટ અંગે માહિતીસભર કાર્યક્રમ યોજાયો. ફરજાનાબેન પઠાણે (મહિલા અને બાળ અધિકારી વર્ગ -૧ (ખેડા) ઓફિસર) મહિલા-બાળ સુરક્ષા તથા સરકારી યોજનાઓ વિશે માર્ગદર્શન આપ્યું, કીર્તિબેન જોશીએ બાળક સાથેનો વ્યવહાર અને સુરક્ષા અંગે સમજ આપી, નીનાબેન બક્ષીએ બાળ પોષણનું મહત્વ સમજાવ્યું અને નિલેશભાઈ પટેલે પા પા પગલી પ્રોજેક્ટ તથા N.E.P. અંતર્ગત બાળકના સર્વાંગી વિકાસ વિશે માહિતી આપી. આ કાર્યક્રમમાં ધોરણ 10-12માં પ્રથમ આવેલી દીકરીઓનું સન્માન કરી એજ્યુકેશન કીટ તથા નવજાત દીકરી ધરાવતા વાલીઓને બેબી કીટ આપવામાં આવી, આ કાર્યક્રમમાં આશરે 200 જેટલા વાલીઓ ઉપસ્થિત રહ્યા.





KAPADWANJ KELAVANI MANDAL
SINCE 1940 KKM
शिक्षा • संस्कार • सेवा • सहयोग

પ્રતિભા

કપડવંજ કેળવણી મંડળની પ્રતિભાને ઉજાગર કરતુ મુખપત્ર
(ફક્ત અંગત વિતરણ હેતુ)

વર્ષ: ૭ અંક: ૮૭ જાન્યુઆરી ૨૦૨૬

શ્રી સ્પંદન બાલમંદિરમાં રમતોત્સવમાં બાળકોના નિર્દોષ આનંદ અને ઉત્સાહ સાથે વિવિધ રમતોનું આયોજન





સરદાર બાગની મુલાકાતમાં મોજમસ્તી સાથે સ્નેહભર્યું ધનુર્માસ જમણવાર






પાંજરાપોળ તથા પોસ્ટ ઓફિસની શૈક્ષણિક મુલાકાત

શ્રી સ્પંદન બાલમંદિરના બાળકોને પાંજરાપોળ તથા પોસ્ટ ઓફિસની શૈક્ષણિક મુલાકાત કરાવવામાં આવી. પાંજરાપોળ ખાતે બાળકોએ ગાય-વાછરડા અને અન્ય મૂંગા પશુઓને રોટલી-ગોળ ખવડાવી સેવા અને સંવેદનાનો અનોખો અનુભવ કર્યો, તેમની સંભાળ અંગે બાળકોને ટ્રસ્ટી અને પશુચિકિત્સકે સરળ સમજ આપી. ત્યારબાદ પોસ્ટ ઓફિસમાં પોસ્ટકાર્ડ, ટિકિટ અને ટપાલ પ્રક્રિયા પ્રત્યક્ષ જોઈ બાળકો ઉત્સાહિત થયા. આ બંને મુલાકાતથી બાળકોના ચહેરા પર ખુશીની ઝલક સાથે સેવા ભાવ અને જીવન ઉપયોગી જ્ઞાનનો અનુભવ મળ્યો






KAPADWANJ KELAVANI MANDAL
SINCE 1940 KKM
शिक्षा • संस्कार • सेवा • सहयोग
वर्ष: ७ अंक: ८७ खेल महाकुंभ स्पेशियल २०२५

प्रतिभा

કપડવંજ કેળવણી મંડળની પ્રતિભાને ઉજાગર કરતુ મુખપત્ર
(ફક્ત અંગત વિતરણ હેતુ)

શ્રી જડાવબા શિશુ કેન્દ્ર

શ્રી જડાવબા શિશુ કેન્દ્રમાં ઉત્તરાયણની સાવધાની પૂર્વક ઉજવણી સાથે બાળપણના નિખાલસ આનંદની ઝલક







શૈક્ષણિક મુલાકાત









શ્રી જડાવબા શિશુ કેન્દ્રના બાળકોને ફાયર સ્ટેશનની શૈક્ષણિક મુલાકાત કરાવવામાં આવી, જ્યાં ફાયર ફાઇટર્સે અગ્નિ સુરક્ષા અંગે માર્ગદર્શન આપ્યું અને લાઈવ ડેમો પણ બતાવ્યો. ફાયર ટ્રક અને સાધનો જોઈ બાળકો ઉત્સાહિત બન્યા; આ મુલાકાતથી બાળકોમાં સુરક્ષા જાગૃતિ સાથે સન્માનનો ભાવ વિકસ્યો અને એક યાદગાર અનુભવ મળ્યો.

KAPADWANJ KELAVANI MANDAL
SINCE 1940 KKM
शिक्षा • संस्कार • सेवा • सहयोग
वर्ष: ७ अंक: ८७ જાન્યુઆરી ૨૦૨૬

પ્રતિભા

કપડવંજ કેળવણી મંડળની પ્રતિભાને ઉજાગર કરતુ મુખપત્ર
(ફક્ત અંગત વિતરણ હેતુ)

જડાવબા શિશુ કેન્દ્ર દ્વારા તા. 06 જાન્યુઆરી 2026એ નાના બાળકો માટે પોલીસ સ્ટેશનની શૈક્ષણિક મુલાકાત યોજાઈ. બાળકોને મુલાકાત દરમિયાન પોલીસની કામગીરી, સુરક્ષા પ્રણાલીઓ, જેલ વ્યવસ્થા અને સીસીટીવી વિશે સરળ સમજ આપવામાં આવી. બાળકોને સારા સંસ્કારો સાથે ક્યારેય ચોરી ન કરવાની તે પાયાની શીખ અપાઈ. પોલીસકર્મીઓએ સ્નેહપૂર્વક બિસ્કિટ આપી બાળકોનું સ્વાગત કર્યું. આ અનુભવથી બાળકોમાં પોલીસ પ્રત્યેનો ડર ઓછો થશે અને કાયદા પ્રત્યે જાગૃતિ વધશે.





શ્રી જડાવબા શિશુ કેન્દ્રમાં શિયાળા ઋતુનું પ્રદર્શન યોજાયું, જેમાં બાળકોને શિયાળાના શાકભાજી, ફળો, વસાણા અને તહેવારોની પ્રત્યક્ષ સમજ મળી. શિયાળાના ગીત પર બાળકોના નિર્દોષ ડાન્સથી વાતાવરણ આનંદમય બન્યું.





KAPADWANJ KELAVANI MANDAL
SINCE 1940 KKM
शिक्षा • संस्कार • सेवा • सहयोग

પ્રતિભા

કપડવંજ કેળવણી મંડળની પ્રતિભાને ઉજાગર કરતુ મુખપત્ર
(ફક્ત અંગત વિતરણ હેતુ)

વર્ષ: ૭ અંક: ૮૭ જાન્યુઆરી ૨૦૨૬

ભૂલકાઓનો રમતોત્સવ

શ્રી જડાવબા શિશુ કેન્દ્રમાં રમતોત્સવમાં દેડકા દોડ, લીંબુ-ચમચી, સંગીત ખુરશી સહિત વિવિધ રમતોનું આયોજન કરવામાં આવ્યું. દરેક બાળક જીત-હારની ચિંતા વિના ઉત્સાહથી જોડાતા હિંમત અને આત્મવિશ્વાસમાં વધારો જોવા મળ્યો. બાળકોના નિર્દોષ આનંદ અને રમતભાવનાએ સમગ્ર વાતાવરણને જીવંત બનાવી દીધું.













KAPADWANJ KELAVANI MANDAL
SINCE 1940 KKM
शिक्षा • संस्कार • सेवा • सहयोग
वर्ष: ७ अंक: ८७ जान्युआरी २०२६

प्रतिभा

કપડવંજ કેળવણી મંડળની પ્રતિભાને ઉજાગર કરતુ મુખપત્ર
(ફક્ત અંગત વિતરણ હેતુ)

વાદળી રંગની ઓળખ સાથે રંગભરવાની આનંદમય પ્રવૃત્તિ



રંગપૂરણી સ્પર્ધામાં નાનકડા કલાકારો વિજેતા

ક્રમાંક	વિજેતાનું નામ	સંસ્થા
પ્રથમ	બારોટ વૃતિકા પરેશભાઈ	એમ.વી. પરીખ ઇંગ્લિશ મીડીયમ સ્કૂલ
દ્વિતીય	ચાવડા સિદ્ધાર્થ હિમાંશુ	એમ.વી. પરીખ ઇંગ્લિશ મીડીયમ સ્કૂલ
તૃતીય	પટેલ સાનવી સમીરકુમાર	એમ.વી. પરીખ ઇંગ્લિશ મીડીયમ સ્કૂલ
પ્રથમ	પરમાર પ્રત્યક્ષ ભાવેશકુમાર	પરમાર પ્રત્યક્ષ ભાવેશકુમાર
દ્વિતીય	પટેલ હનાયા બળદેવકુમાર	સ્પંદન બાલમંદિર
પ્રથમ	નિવાન રાહુલકુમાર જોશી	જડાવબા શિશુ કેન્દ્ર
દ્વિતીય	આર્યા અમરીશકુમાર પટેલ	જડાવબા શિશુ કેન્દ્ર
દ્વિતીય	વ્રજ વિજયકુમાર વાઘેલા	જડાવબા શિશુ કેન્દ્ર
તૃતીય	પટેલ તનિક્ષા મૌલિકભાઈ	જડાવબા શિશુ કેન્દ્ર



કપડવંજ કેળવણી મંડળ સંચાલિત પ્રિ પ્રાયમરી વિભાગની શાળાઓ શ્રી એમ.વી. પરીખ ઇંગ્લિશ મીડીયમ સ્કૂલ, શ્રી સ્પંદન બાલમંદિર અને શ્રી જડાવબા શિશુ કેન્દ્રના કુલ 371 જેટલા નાના નાના બાળકોએ ગુજરાત રાજ્ય કલા શિક્ષક સંઘ આયોજિત રંગપૂરણી સ્પર્ધામાં ભાગ લીધો. વિજેતા વિદ્યાર્થીઓને મેડલ-પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યા.

KAPADWANJ KELAVANI MANDAL
SINCE 1940 KKM
शिक्षा • संस्कार • सेवा • सहयोग

પ્રતિભા

કપડવંજ કેળવણી મંડળની પ્રતિભાને ઉજાગર કરતુ મુખપત્ર
(ફક્ત અંગત વિતરણ હેતુ)

વર્ષ: ૭ અંક: ૮૭ જાન્યુઆરી ૨૦૨૬





